બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં
પગાર ખર્ચ, ઈતર ખર્ચ અને ફીના દરોની સમીક્ષા
કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૯૯-૭૪૧(૩)ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨ -૭-૧૯૯૯

વંચાણે લીધા : ૧. શિક્ષણ વિભાગના તા. ૨૪-૧૦-૮૯ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૮૭-૨૧૭૪-ગ
૨.શિક્ષણ વિભાગના તા. ૧૭-૭-૯૦નો ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૮૭-૨૮૭૯-૫૧-ગ
૩. શિક્ષણ વિભાગના તા.૧૭-૭-૯૨ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૭-૨૧૭૪-ગ
૪. શિક્ષણ વિભાગના તા. ૨૨-૪-૯૮નાઠરાવ ક્રમાંક : બમશ- ૧૧૯૮- ૫૧૬ -ગ
૫.શિક્ષણ વિભાગના તા.૧૮-૬-૯૮ના ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૯૮-૧૩૨૫-ગ

## ઠ રા વ

શિક્ષણ વિભાગના સંદર્ભ-૧ માં દર્શાવેલ ઠરાવ અન્વયેરાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પગાર ખર્ચ ઉપરાંત નિભાવ ખર્ચ અને ઈતર ખર્ચ માટે અનુદાન સહાય આપવાનુ નક્કી કરવામાં આવેલ. તે મુજબ શિક્ષકોના પગાર ભથ્થાના પ્રમાણમાં નિભાવ ખર્ચ, ઈતર ખર્ચની ગ્રાન્ટ શાળાઓને ચુકવવામાં આવે છે. તેમાં કેન્દ્ર સરકારના પાંચમા પગાર પંચની ભલામણો સ્વીકારવાના કારણે બિન સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોના તથા બિન શૈક્ષણિક વહીવટી કર્મચારીઓના પગાર ખર્ચમાં ઘણો મોટો વધારો થયેલ છે. વધુમાં રાજય સરકારે આયોજન બહારના ખર્ચમાં ઘટાડો કરવા માટેની સૂચના આપેલ હોઈ ગ્રાન્ટ નીતિની પુનઃ સમીક્ષા કરવાની જરૂરી બન્યુ હોવાથી વિભાગના તા. ૧૮-૯-૯૮ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૮-૧૩૨૫૮-ગ અન્વયે અનુદાનના ધોરણોની પુનઃ વિચારણા કરવા અભ્યાસ જૂથની રચના કરવાનુ ઠરાવેલ.આ અભ્યાસજૂથમાં રાજય કક્ષાના સંચાલક સંઘ, આચાર્ય સંઘ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, માધ્યમિક શિક્ષક સંઘના હોદ્દેદારશ્રીઓ, શિક્ષણ વિદો અને અધિકારીઓનો સમાવેશ કરવામાં આવેલ. આ અભ્યાસ જૂથે એપ્રિલ-૧૯૯૯માં આપેલ તેના ભલામણ અહેવાલને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાના અંતે રાજય સરકારે સહાયક અનુદાનની જુની પ્રથામાં ફેરફાર કરીને વર્ગ દીઠ ઈતર ખર્ચ અને મકાન ભાડુ આપવા સમિતિએ ભલામણ કરેલ જે સરકારશ્રીએ સ્વીકારી વર્ગ દીઠ માસિક ગ્રાન્ટ ચુકવવાનું નક્કી કરેલ છે. તે મુજબ (૧) ૧ થી ૫ વર્ગ સુધીની શાળાને વર્ગ દીઠ માસિક રૂા. ૧૮૦૦, (૨) ૬ થી ૩૦ વર્ગ સુધીની શાળાને વર્ગ દીઠ માસિક રૂા. ૧૫૦૦ અને (૩) ૩૧ થીવધારે વર્ગવાળી શાળામાં વર્ગ દીઠ માસિક રૂા. ૧૦૦૦નુ અનુદાન નીચેની શરતોને આધીન રહીને આપવાનુ ઠરાવવામાં આવે છે.

(૧) આ અનુદાનના ૬૫ ટકા રકમ ઈતર ખર્ચ અને ૩૫ ટકા રકમ મકાન ભાડા / નિભાવમાં વાપરી શકાશે.

(૨) જો શાળા એક જ મકાનમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા અને ગ્રાન્ટ વગરની પ્રાથમિક શાળાના વર્ગો પાળી પધ્ધતિથી ચલાવાતા હોય તો ઉપર મુજબ ૩૫ ટકા રકમ મકાન ભાડું / નિભાવ ખર્ચ તરીકે મળવાપાત્ર થશે.

--૨/--

(૩) મકાનનો ઉપયોગ એક પાળીમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે અને બીજી પાળીમાં કોલેજ અથવા વ્યવસાયિક અભ્યાસક્રમો ચલાવવા, ઉપયોગ કરવામાં આવતો હોય ત્યારે તેટલી રકમ ૩૫ ટકા અનુદાનમાંથી બાદ કરીને ચુકવવાની રહેશે. શાળાનો ઇતર ખર્ચ આ ઠરાવમાં સામેલ પરિશિષ્ટ-૨ માં દર્શાવ્યા મુજબ કરી શકશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૩-૬-૯૯ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

આ ઠરાવનો અમલ જુન-૧૯૯૯થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ: પરિશિષ્ટ-૨

બી.કે.ભટ્ટ,
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

૧. માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
૨. માન. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, અમદાવાદ (પત્રથી)
૩. માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માનનીય મંત્રીશ્રી(પ્રા. અને મા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. માનનીય રા.ક. મંત્રીશ્રી ( પ્રા. અને મા. શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર ,
૬. માનનીય રા. ક. મંત્રીશ્રી (ઉ.અને ટે. શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૭. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર / વડોદરા
૮. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૯. બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
૧૦. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ-રાજકોટ
૧૧. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ
૧૨. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ
૧૩. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૪. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ
૧૫. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ
૧૬. સબંધિત સરકાર માન્ય સંઘો (ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી મારફત)
૧૭. ડી.એસ.ઓ. ફાઇલ
૧૮. સીલેકટ ફાઇલ-ગ શાખા